PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/કવા–૦૪/૧૬–૧૭/ 9609 તા. 29/02/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા,
ગામ: રાવકી,
તા. લોધીકા
જી. રાજકોટ
મો: ૯૯૧૩૩ ૩૪૧૩૩

વિષય :–રદ થયેલ ઓદ્યોગીક વીજજોડાણ ની ડિપોઝીટ પરત મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૬/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.૨)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

~~No: 06 / ...~~
No: 06 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ ક્ચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૬/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: સુખાભાઈ માવજીભાઈ પાનસુરીયા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (ક્ચેરી) : પેટા વીભાગીય ક્ચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય ક્ચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય ક્ચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : રદ થયેલ ઓદ્યોગીક વીજજોડાણ ની ડિપોઝીટ પરત મેળવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની (૧) હાલ ની ઉપભોકતાની જગ્યા પર ના, અગાઉ ભાવપત્રક ભરપાઈ થયેલ રકમ તેમજ અન્ય રકમ, જે તેઓ શ્રી ને જોડાણ જરૂરી ન હોય, સદર ભરપાઈ થયેલ રકમ પરત મેળવવા માટે ની અરજી, તેઓ શ્રી એ તા.૧૦–૦૩–૧૬ ના રોજ પીજીવીસીએલ મા રજુ કરેલ હોવા છતા, આજદિન સુધી સદર રકમ રીફંડ મળેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની અગાઉ ની, તેઓ શ્રી ના ગામ: રાવકી ખાતે આવેલ સ્થળ પર બાંધકામ થયેલ જગ્યા પર ની, નવા વાણીજ્ય જોડાણ ની અરજી મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી અપાયેલ હતુ. તે ભાવપત્રક ની રકમ અરજદારે તા.૧૪–૧૨–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને તા.૧૪–૦૧–૧૬ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ રજુ કરી આપેલ હતો. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને સદર મંજુરી મુજબ નુ, વાણીજ્ય જોડાણ નં. : ૩૩૪૧૧–૦૦૯૪૭–૦, જે તા.૧૭–૦૨–૧૬ ના રોજ, સ્થળ પર મીટર લગાડી અને ચાલુ કરાયેલ હતુ. અને આ જોડાણ ને બીલીંગ ખાતામા નોંધી અને નિયમીત વીજબીલીંગ હેઠળ પ્રસ્થાપિત કરાયેલ હતુ. આમ, જોડાણ ખરેખર ચાલુ થયેલ હોય, અને નિયમીત વીજબીલીંગ હેઠળ નુ પ્રથમ બીલ, જે માહે જાન્યુઆરી–૧૭ મા, રૂ.૪,૫૬૦/૦૨ નુ અપાયેલ છે. નામદાર જીઈઆરસી પ્રારીત માર્ગદર્શીકા અન્વયેની નિયમાધીન પ્રણાલી મુજબ, નિયમાધીન નિયત એવી સમયમર્યાદા નુ મીનીમમ બીલીંગ અન્વયે નો ચાર્જ અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાનો રહેશે. સદર જોડાણ, જે ખરેખર રીલીઝ થઈ ચુકેલ હોય, અને બીલીંગ હેઠળ આવરી લેવાયેલ હોય, આવા કારણોસર નિયમાધીન રીતે ભાવપત્રક ની રકમ રીફંડ આપી શકાય નહી. પરંતુ, સદર જોડાણ મા નિયમાધીન અંતર્ગત ના બીલીંગ ની તમામ રકમ, જે પીજીવીસીએલ મા ભરપાઈ કરાયા બાદ જ, અરજદાર શ્રી ને, સદર રદબાતલ કરાયેલ જોડાણ મા અગાઉ ભરપાઈ કરાયેલ ડીપોઝીટ ની રકમ રીફંડ આપી શકાય. અથવા તો, સદર રદબાતલ કરાયેલ જોડાણ મા, હાલ ના તબકકા ની બીલીંગ ગણતરી અન્વયે ની તમામ રકમ, જે અગાઉ ભરપાઈ કરાયેલ ડીપોઝીટ ની રકમ માથી બાદ કરીને, બાકી નો રકમ – જે જો હિસાબકીય ગણતરીએ પરત આપવા પાત્ર થતી હોય, તો તે મુજબ ની જ રકમ પરત આપી શકાય. અને જો, હિસાબકીય ગણતરીએ, વસુલાત ની રકમ ની સામે ડીપોઝીટ ની રકમ ઓછી હોય તો, ઘટતી રકમ અરજદાર પાસેથી મેળવી અને, તે નિયમાધીન અંતર્ગત ની પ્રક્રીયા મુજબ જ, અરજદાર શ્રી નુ સદર જોડાણ, કાયમી ધોરણે રદબાતલ કરી શકાય. આ તમામ બાબતોની, અરજદાર શ્રી ને, ક્ચેરી મા રૂબરૂ બોલાવી અને નિયમાધીન સમજણ અપાયેલ હતી. જે, અરજદાર શ્રી એ, સંતોષજનક રીતે સ્વીકારી અને માન્ય રાખેલ છે. અને તે મુજબ તેઓ સહમત હોવા સબબ નો, પીજીવીસીએલ સમક્ષ તા.૨૦–૦૨–૧૭ નો લેખીત સંમતીપત્ર રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદ : અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી,પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજૂ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે, અરજદાર શ્રી એ, સંતોષજનક રીતે સ્વીકારી અને માન્ય રાખેલ છે. અને તે મુજબ, પીજીવીસીએલ ની કાર્યવાહી સાથે તેઓ સહમત હોવા સબબ નો, પીજીવીસીએલ સમક્ષ, અરજદાર શ્રી એ તા.૨૦–૦૨–૧૭ નો લેખીત સંમતીપત્ર રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઇસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના તા.૨૦–૦૨–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..